ૐ

## શ્રી વીતરાગાય નમઃ

# શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**તા. ૧૧-૦૨-૨૦૨૩ પરીક્ષા - શ્રી જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા-અધ્યાય-૫ કુલ ગુણ - ૧૦૦**

---

**સુચના :**

(૧) પ્રત્યેક પ્રશ્નનાં ઉત્તરના **<u>ચાર</u>** વિકલ્પ આપવામાં આવ્યા છે, તેમાંથી સૌથી વધુ યોગ્ય વિકલ્પ પસંદ કરી, આપવામાં આવેલી કોરી માર્કશીટમાં એક યોગ્ય A, B, C, D અક્ષર લખી ફક્ત એ જ કોપી પાછી આપવાની છે, અથવા નીચે જણાવેલા Mobile No. અથવા સંસ્થાના E-mail ઉપર મોકલવાની છે. E-mail : mail@shrimadkoba.org, Mob.: 9998221935 (Shri Champakbhai)

(૨) જવાબ તરીકે ''શ્રી જૈન સિદ્ધાંત પ્રવેશિકા'' પુસ્તક જ આધાર રૂપ રહેશે.

(૩) કુલ સો પ્રશ્નો છે.

૧. એક સાથે મળેલા પદાર્થોમાંથી કોઈ એકની અલગથી ઓળખાણ કરાવવાવાળા હેતુને શું કહેવામાં આવે છે ?

A. પ્રમાણ B. નય C. નિક્ષેપ D. લક્ષણ

૨. આયુઆદિ દશ પ્રાણોથી જે જીવે છે, તેને જીવ કહે છે. જીવનું આ પ્રમાણેનું લક્ષણ જણાવવું, એ કયા પ્રકારનું લક્ષણ કહેવાય છે ?

A. આત્મભૂત લક્ષણ B. અનાત્મભૂત લક્ષણ C. લક્ષણાભાસ D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૩. કેવળજ્ઞાનને જીવનું લક્ષણ કહેવામાં કયો દોષ આવે છે ?

A. અતિવ્યાપ્તિ B. અવ્યાપ્તિ C. અસંભવ D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૪. અરિહંતનું લક્ષણ ''અષ્ટપ્રાતિહાર્ય'' કરવું, એ કયું લક્ષણ છે ?

A. અનાત્મભૂત B. આત્મભૂત C. ઉપરોક્ત બન્ને D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૫. અરિહંતનું લક્ષણ ''અનંત ચતુષ્ટય'' કરવું, એ કયું લક્ષણ છે ?

A. અનાત્મભૂત B. આત્મભૂત C. ઉપરોક્ત બન્ને D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૬. જે લક્ષ્યનાં એકદેશમાં રહે છે, તેને કયું લક્ષણાભાસ કહે છે ?

A. અસંભવ B. અતિવ્યાપ્તિ C. અવ્યાપ્તિ D. ઉપરોક્ત બધા જ

૭. જે, લક્ષ્ય અને અલક્ષ્ય બન્નેમાં રહે છે, તે કયું લક્ષણાભાસ છે ?

A. અતિવ્યાપ્તિ B. અવ્યાપ્તિ C. અસંભવ D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૮. જે, લક્ષ્યમાં કોઇપણ કાળ દરમિયાન નથી હોતો તેને કયો લક્ષણાભાસ કહે છે ?

A. અતિવ્યાપ્તિ B. અસંભવ C. અવ્યાપ્તિ D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૯. જીવનું લક્ષણ "મૂર્તિકપણું" કરવું, એ મુખ્યરૂપથી કયો લક્ષણાભાસ છે ?

A. અવ્યાપ્તિ B. અતિવ્યાપ્તિ C. અસંભવ D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૧૦. જીવનું લક્ષણ "અમૂર્તિકપણું" કરવું, એ કયો લક્ષણાભાસ છે ?

A. અતિવ્યાપ્તિ B. અવ્યાપ્તિ C. અસંભવ D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૧૧. સમ્યક્દર્શનનું લક્ષણ એકદેશ શુદ્ધાત્માભૂતિ કરવું, એ કયું લક્ષણ છે ?

A. આત્મભૂત B. અનાત્મભૂત C. બન્ને D. બન્ને નહીં

૧૨. સમ્યક્દર્શનનું લક્ષણ "તત્વાર્થશ્રદ્ધાન" કરવું, એ કયું લક્ષણ છે ?

A. આત્મભૂત B. અનાત્મભૂત C. બન્ને D. બન્ને નહીં

૧૩. સમ્યક્દર્શનનું લક્ષણ "દર્શનવિશુદ્ધિ" કરવું, એ કયું લક્ષણ છે ?

A. આત્મભૂત B. અનાત્મભૂત C. બન્ને D. બન્ને નહીં

૧૪. ગાયનું લક્ષણ શિંગડા એમ જણાવવું એ કયા પ્રકારનાં દોષથી યુક્ત છે ?

A. અતિવ્યાપ્તિ B. અવ્યાપ્તિ C. અસંભવ D. કોઈપણ નહીં

૧૫. "જે મહાવ્રતાદિ ૨૮ મૂલગુણો સહિત છે, તે મુનિ છે." આવું મુનિનું લક્ષણ જણાવવું, એ કયું લક્ષણ છે ?

A. આત્મભૂત B. અનાત્મભૂત C. બન્ને D. બન્ને નહીં

૧૬. સમ્યક્દર્શનનું લક્ષણ "નિ:શંકતા" કરવું, એ કયા પ્રકારનું લક્ષણ છે ?

A. અનાત્મભૂત B. આત્મભૂત C. બન્ને D. બન્ને નહીં

૧૭. "આત્માનુભૂતિ" કયા ગુણની પર્યાય છે ?

A. ચારિત્ર B. દર્શન C. જ્ઞાન D. સુખ

૧૮. પ્રમાણ કોને કહે છે ?

A. નિશ્ચયનયને B. વ્યવહારનયને C. સમ્યક્જ્ઞાનને D. ઉપરોક્ત બધાને

૧૯. કયું જ્ઞાન "પ્રમાણરૂપ" છે ?

A. મતિજ્ઞાન B. શ્રુતજ્ઞાન C. કેવલજ્ઞાન D. ઉપરોક્ત બધા

૨૦. જે, ઇન્દ્રિય અને મનની સહાયતાથી, પદાર્થને એકદેશ સ્પષ્ટ જાણે છે, તે કયું પ્રમાણ છે ?

A. પરોક્ષપ્રમાણ B. પ્રત્યક્ષપ્રમાણ

C. સાંવ્યવહારિક પ્રત્યક્ષ પ્રમાણ D. પારમાર્થિક પ્રત્યક્ષપ્રમાણ

૨૧. કયું જ્ઞાન ''પ્રત્યક્ષ પ્રમાણ'' છે ?

A. મતિજ્ઞાન B. અવધિજ્ઞાન C. શ્રુતજ્ઞાન D. ઉપરોક્ત બધા જ

૨૨. ''વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાન'' એ કયું જ્ઞાન છે ?

A. મતિજ્ઞાન B. શ્રુતજ્ઞાન C. મનઃપર્યયજ્ઞાન D. કેવલજ્ઞાન

૨૩. ''એકદેશ સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન'' એ જ્ઞાનની કઇ શ્રેણીમાં આવે છે ?

A. મતિજ્ઞાન B. શ્રુતજ્ઞાન C. બન્ને D. મનઃપર્યયજ્ઞાન

૨૪. ''સકલ પારમાર્થિક પ્રત્યક્ષ જ્ઞાન'' એ કયું જ્ઞાન છે ?

A. કેવલજ્ઞાન B. એકદેશ સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાન C. અવધિજ્ઞાન D. મનઃપર્યયજ્ઞાન

૨૫. કયું જ્ઞાન, રૂપી અને અરૂપી એમ બન્ને પદાર્થોને જાણે છે ?

A. અવધિજ્ઞાન B. શ્રુતજ્ઞાન C. મનઃપર્યયજ્ઞાન D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૨૬. આગમજ્ઞાન એ કયું પ્રમાણ છે ?

A. પરોક્ષ પ્રમાણ B. પ્રત્યક્ષ પ્રમાણ C. બન્ને D. બન્ને નહીં

૨૭. કયું જ્ઞાન ''પરોક્ષ પ્રમાણ'' નથી ?

A. સ્મૃતિ B. અવધિ C. અનુમાન D. તર્ક

૨૮. અગાઉનાં પરિચિત કોઈ બાળકને જોઇને કહેવું કે ''તું તો પહેલા કરતાં ઘણો ઊંચો થઈ ગયો છે.'' એ કયું જ્ઞાન છે ?

A. સ્મૃતિ B. અનુમાન C. પ્રત્યભિજ્ઞાન D. તર્ક

૨૯. મહારાણા પ્રતાપ, ભગવાન રામની જેમ ધીર, વીર અને ગંભીર હતાં, એ કયું પ્રત્યભિજ્ઞાન છે?

A. એકત્વપ્રત્યભિજ્ઞાન B. સાદશ્યપ્રત્યભિજ્ઞાન

C. વૈસાદશ્ય પ્રત્યભિજ્ઞાન D. ઉપરોક્ત બધા

૩૦. રામ અને રાવણમાં જમીન-આસમાન જેટલો (તફાવત) ફરક છે, એ કયું પ્રત્યભિજ્ઞાન છે ?

A. સાદશ્ય પ્રત્યભિજ્ઞાન B. એકત્વ પ્રત્યભિજ્ઞાન

C. વૈસાદશ્ય પ્રત્યભિજ્ઞાન D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૩૧. સાધન દ્વારા સાધ્યનું જ્ઞાન કરવું, એ કયું જ્ઞાન છે ?

A. સ્મૃતિ B. પ્રત્યભિજ્ઞાન C. તર્ક D. અનુમાન

૩૨. અવિનાભાવી સંબંધના આધારે થતા જ્ઞાનને કયું જ્ઞાન કહે છે ?

A. અનુમાન B. સ્મરણ C. તર્ક D. પ્રત્યભિજ્ઞાન

૩૩. ''નાડી જોઇને વ્યક્તિને જિવિત યા મૃત્યુ પામેલ જાણવું - જણાવવું'' એ કયું જ્ઞાન કહેવાય ?

A. તર્ક B. અનુમાન C. પ્રત્યભિજ્ઞાન D. સ્મરણ

૩૪. ''જેનામાં સંવેદના હોય છે તે જીવ છે, અને જેનામાં સંવેદના નથી હોતી તે જડ છે'', એ જ્ઞાન કયું ?

A. તર્ક B. અનુમાન C. સ્મરણ D. પ્રત્યભિજ્ઞાન

૩૫. ''પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ, ૫૦૦ ધનુષ ઊંચા હતા,'' એ કયું જ્ઞાન છે ?

A. સ્મરણ B. તર્ક C. અનુમાન D. આગમ

૩૬. ધુમાડો જોઇને અગ્નિનું જ્ઞાન થવું, એ જ્ઞાનનો પ્રકાર કયો ?

A. અનુમાન B. આગમ C. તર્ક D. પ્રત્યભિજ્ઞાન

૩૭. નીચે જણાવેલમાંથી કઇ વિશેષતા સાધ્યમાં નથી હોતી ?

A. ઈષ્ટ B. સિદ્ધ C. અબાધિત D. અસિદ્ધ

૩૮. મોક્ષ પહેલાંથી જ હાજર છે, એવું જે માને છે, તેનાં સાધ્યમાં કયા લક્ષણનો અભાવ છે ?

A. ઈષ્ટ B. અબાધિત C. અસિદ્ધ D. ત્રણે

૩૯. ''શુદ્ધાત્માનુભૂતિ'' કોના દ્વારા થાય છે ?

A. નયદ્વારા B. નિક્ષેપદ્વારા C. પ્રમાણદ્વારા D. કોઈ થી પણ નહીં

૪૦. ''હું મુક્ત છું, કારણ કે હું મુમુક્ષુ છું'' આ વચન, મુખ્યરૂપથી કયો હેત્વાભાસ દર્શાવે છે ?

A. સ્વવચનબાધિત B. પ્રત્યક્ષબાધિત C. અનુમાનબાધિત D. આગમબાધિત

૪૧. ''ઋષભદેવ, રામ, રાવણાદિ પુરુષો કદાપિ થયા નથી.'' આ વચન મુખ્યરૂપથી કયો બાધિત હેત્વાભાસ છે ?

A. પ્રત્યક્ષ બાધિત B. સ્વવચનબાધિત C. આગમબાધિત D. અનુમાનબાધિત

૪૨. ''હું આ સમયસાર ગ્રંથમાં, મારા સ્વવૈભવથી શુદ્ધાત્માનું સ્વરૂપ દર્શાવીશ.'' શ્રી કુંદકુંદસ્વામીનું આ વચન અનુમાન પ્રમાણનાં કયા અંગમાં ગર્ભિત છે.

A. નિગમન B. પ્રતિજ્ઞા C. હેતુ D. ઉપનય

૪૩. અદાલતમાં વકિલે કહ્યું કે ''મારા દ્વારા રજુ કરવામાં આવેલી સાબિતીઓ અને બધાં સાક્ષીઓની જુબાની-રજુઆત દ્વારા સાબિત થાય છે કે આ આરોપી જ અપરાધી છે.'' આ કથન અનુમાન

પ્રમાણનાં કયા અંગ સાથે સંબંધ ધરાવે છે ?

A. પ્રતિજ્ઞા B. હેતુ C. નિગમન D. ઉપનય

૪૪. ''જેવું અગાઉમાં સમયમાં નારાયણ ત્રિષષ્ટ અને પ્રતિનારાયણ અશ્વગ્રીવમાં ભીષણ યુદ્ધ થયું હતું, તેવું જ લક્ષ્મણ અને રાવણ વચ્ચે થયું'' આ કથન અનુમાન પ્રમાણનાં કયા અંગનું છે ?

A. પ્રતિજ્ઞા B. હેતુ C. નિગમન D. ઉપનય

૪૫. પ્રમાણનો વિષય શું છે ?

A. સામાન્ય B. વિશેષ C. બન્ને D. બન્ને નહીં

૪૬. જે, વસ્તુનાં પુરા હિસ્સામાં અને તેની બધી અવસ્થાઓમાં હોય છે, તે વસ્તુ વિશેષને શું કહે છે?

A. ક્રમભાવી વિશેષ B. સહભાવી વિશેષ C. બન્ને D. બન્ને નહીં

૪૭. ક્રમભાવી વિશેષનું બીજું નામ શું છે ?

A. પર્યાય B. ગુણ C. દ્રવ્ય D. ઉપરોક્ત ત્રણે

૪૮. સહભાવી વિશેષનું બીજું નામ શું છે ?

A. દ્રવ્ય B. ગુણ C. પર્યાય D. ઉપરોક્ત બધા

૪૯. નીચે જણાવેલમાંથી ''જ્ઞાનમાત્ર'' શું છે ?

A. દ્રવ્ય B. પર્યાય C. ગુણ D. કોઈપણ નહીં

૫૦. સમ્યકદર્શન શું છે ?

A. દ્રવ્ય B. ગુણ C. પર્યાય D. ઉપરોક્ત બધા

૫૧. લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન શું છે ?

A. પર્યાય B. ગુણ C. દ્રવ્ય D. ઉપરોક્ત બધા

૫૨. નીચે જણાવેલમાંથી કયું જ્ઞાન પ્રમાણાભાસ નથી ?

A. સંશયયુક્ત B. ક્ષાયોપશમિક C. વિપર્યયયુક્ત D. અનધ્યવસાયયુક્ત

૫૩. ''હું ચેતન આત્મા છું કે જડ શરીર'' આવું દ્વંદ્વાત્મક જ્ઞાન કયો પ્રમાણાભાસ છે ?

A. અનધ્યવસાય B. વિપર્યય C. સંશય D. ઉપરોક્ત બધાજ

૫૪. ''હું ચેતન આત્મા જ છું, જડ શરીર નથી'', આ કયું જ્ઞાન છે ?

A. સંશય B. મતિજ્ઞાન C. અનધ્યવસાય D. વિપર્યય

૫૫. ''હું કાંઈક છું, પરંતુ ખબર નથી કે હું શું છું ?'' આ કયો પ્રમાણાભાસ છે ?

A. અનધ્યવસાય B. સંશય

C. વિપર્યય D. ઉપર જણાવેલમાંથી કોઈપણ નહીં

૫૬. દોરડીને સાપ માનવો - જાણવો એ કયો પ્રમાણાભાસ છે ?

A. સંશય B. વિપર્યય C. અનધ્યવસાય D. ઉપરોક્ત બધા

૫૭. "આત્મા નામની કોઈ સ્વતંત્ર વસ્તુ જ નથી, જે છે તે કેવળ આ શરીર છે." ચાર્વાકોનો આ મત કયા પ્રમાણાભાસ અંદર આવે છે ?

A. વિપર્યય B. સંશય C. અનધ્યવસાય D. ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

૫૮. 'નય' કોને કહે છે ?

A. વસ્તુનાં એકદેશજ્ઞાનને B. જ્ઞાતાનાં અભિપ્રાયને

C. શ્રુતજ્ઞાનનાં અંશને D. ઉપરોક્ત બધાને

૫૯. નય કયા જ્ઞાનની પર્યાય છે ?

A. શ્રુતજ્ઞાનની B. મતિજ્ઞાનની C. કેવળજ્ઞાનની D. ઉપરોક્ત ત્રણેની

૬૦. વસ્તુનાં કોઈ વાસ્તવિક અંશને ગ્રહણ કરવાવાળા જ્ઞાનને, કયો નય કહે છે ?

A. વ્યવહારનય B. નિશ્ચયનય C. પર્યાયાર્થિક નય D. ઉપરોક્ત બધા જ

૬૧. "માટીનાં ઘડાને ઘી નો ઘડો કહેવો" એ કયો નય છે ?

A. નિશ્ચય નય B. વ્યવહારનય C. દ્રવ્યાર્થિકનય D. પર્યાયાર્થિક નય

૬૨. નિશ્ચયનયનો ભેદ કયો છે ?

A. દ્રવ્યાર્થિકનય B. પર્યાયાર્થિકનય C. બન્ને D. બન્નેમાંથી કોઈ નહી

૬૩. "કોઈ વ્યક્તિનાં શરીરને દર્શાવીને કહેવું કે આ તો પુદ્‌ગલ છે." આ કયા નયનો વિષય છે ?

A. દ્રવ્યાર્થિકનયનો B. પર્યાયાર્થિકનયનો C. બન્ને D. બન્નેમાંથી કોઈપણ નહીં

૬૪. "કોઈ વ્યક્તિનાં શરીરને દર્શાવીને કહેવું કે આ તો માનવદેહ છે." આ કયા નયનો વિષય છે?

A. દ્રવ્યાર્થિકનયનો B. પર્યાયાર્થિકનયનો C. બન્ને D. બન્નેમાંથી કોઈપણ નહીં

૬૫. જે દ્રવ્ય સામાન્યને વિષય કરે છે, તેને કયો નય કહે છે ?

A. દ્રવ્યાર્થિકનય B. પર્યાયાર્થિકનય C. વ્યવહારનય D. ઉપરોક્ત બધા જ

૬૬. નીચે જણાવેલામાંથી નિશ્ચયનયનો ભેદ કયો છે ?

A. વ્યવહારનય B. પર્યાયાર્થિકનય C. બન્ને D. બન્નેમાંથી કોઈપણ નહીં

૬૭. "જે વસ્તુનાં કોઇ ગુણવિશેષને વિષય કરે," એ કયો નય કહેવાય છે ?

A. દ્રવ્યાર્થિકનય B. વ્યવહારનય

C. પર્યાયાર્થિકનય D. ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

૬૮. કોઈને બેગ (થેલા) માં કપડા મૂકતા જોઇ, તેમને પૂછવું કે તમે શું કરો છો ? ત્યારે તે કહે છે કે ''હું યાત્રા ઉપર જાઉં છું'' આ કયા નયનું કથન છે ?

A. સંગ્રહનય B. વ્યવહારનય C. ઋજુસૂત્રનય D. નૈગમનય

૬૯. ''મહાવીરજયંતિના દિવસે કહેવું કે આજે મહાવીર ભગવાનનો જન્મ દિવસ છે.'' આ કયા નયનું કથન છે ?

A. એવંભૂતનય B. ઋજુસૂત્રનય C. નૈગમનય D. સમભિરુઢનય

૭૦. ''ભારતમાં ૧૩૦ કરોડ મનુષ્યો રહે છે.'' આ કથન કયા નય સાથે સંબંધ ધરાવે છે ?

A. વ્યવહારનય સાથે B. સંગ્રહનય સાથે C. નૈગમનય સાથે D. શબ્દનય સાથે

૭૧. ''હું મનુષ્ય છું,'' આ કયા નયનું કથન છે ?

A. નિશ્ચયનયનું B. વ્યવહારનયનું C. નૈગમનયનું D. સંગ્રહનયનું

૭૨. શાળાનો કોઈ વિદ્યાર્થી, તેના વર્ગના બીજા વિદ્યાર્થીઓને ભણાવતો જોઇને કહેવું કે ''આ શિક્ષક છે'' આ કયા નયનું કથન છે ?

A. વ્યવહારનય B. એવંભૂતનય C. નૈગમનય D. ઋજુસૂત્રનય

૭૩. શાળાના કોઈ શિક્ષકને, વિદ્યાર્થીઓને ભણાવતા જોઇને કહેવું કે ''આ શિક્ષક છે,'' આ કયા નયનું કથન છે ?

A. ઋજુસૂત્ર નયનું B. નિશ્ચયનયનું C. એવંભૂતનયનું D. વ્યવહારનયનું

૭૪. એક અખંડ દ્રવ્યને ભેદરૂપ વિષય કરવાવાળા નયને શું કહે છે ?

A. નિશ્ચયનય B. સદ્ભૂત વ્યવહારનય

C. અસદ્ભૂત વ્યવહારનય D. સંગ્રહનય

૭૫. ''જીવ, દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ છે'' આ કયા નયનું કથન છે ?

A. સદ્ભૂત વ્યવહારનયનું B. અસદ્ભૂત વ્યવહારનયનું

C. નિશ્ચયનયનું D. દ્રવ્યાર્થિકનયનું

૭૬. એકસાથે મળેલા જુદા જુદા પદાર્થોને અભેદ રૂપથી ગ્રહણ કરવાવાળો નય કયો ?

A. પર્યાયાર્થિકનય B. સંગ્રહનય

C. સદ્ભૂત વ્યવહારનય D. અસદ્ભૂત વ્યવહારનય

૭૭. ''જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય'' આદિ આત્માના ગુણ છે.'' આ કયા નયનું કથન છે ?

A. વ્યવહારનયનું B. સદ્ભૂત વ્યવહાર નયનું

C. નિશ્ચયનયનું D. અસદ્ભુત વ્યવહારનયનું

૭૮. ''આ શરીર મારું છે.'' આવું કહેવું કયા નયનું કથન છે ?

A. અસદ્‌ભૂત વ્યવહારનયનું B. સદ્‌ભૂત વ્યવહારનયનું

C. પર્યાયાર્થિક નયનું D. નિશ્ચયનયનું

૭૯. પોતાના ગળામાં પહેરેલા હારને દર્શાવીને કહેવું કે, ''આ હાર મારો છે.'' આ કયા નયનું કથન છે ?

A. નિશ્ચયનયનું B. અનુપચરિત અસદભૂત વ્યવહારનયનું

C. ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું D. સંગ્રહનયનું

૮૦. પોતાના ગુરુ તરફ આંગળી ચીંધી જણાવવું કે, ''આ મારા ગુરુ છે.'' આ કયા નયનું કથન છે?

A. ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું B. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું

C. સદ્‌ભૂત વ્યવહારનયનું D. અશુદ્ધ નિશ્ચયનયનું

૮૧. સ્ત્રી-પુત્ર આદિને પોતાના માનવા, એ કયો નય છે ?

A. ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય B. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર નય

C. અશુદ્ધ નિશ્ચયનય D. ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

૮૨. ભગવાન અને ગુરુને પોતાના માનવા કયો નય છે ?

A. પર્યાયાથિક નય B. ઉપચરિત અસદ્‌ભુત વ્યવહાર નય

C. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર નય D. ઉપરોક્તમાંથી કોઈપણ નહી

૮૩. ''રાવણ મહામાની-અભિમાની પુરુષ હતો'' આ કયા નયનું કથન છે ?

A. વ્યવહારનયનું B. નિશ્ચયનયનું

C. નૈગમનયનું D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

૮૪. ''બિલ ગેટ્સ બહુ ધનવાન વ્યક્તિ છે'' આ કયા નયનું કથન છે ?

A. નિશ્ચયનયનું B. દ્રવ્યાર્થિકનયનું

C. વ્યહારનયનું D. ઉપરોક્ત બધા જ નયનું

૮૫. ''અજ્ઞાનીજીવ, જ્ઞાનાવરણાદિ કર્મોનો બંધ કરે છે.'' આ કયા નયનું કથન છે ?

A. શુદ્ધ નિશ્ચયનયનું B. અશુદ્ધ નિશ્ચયનયનું

C. અસદ્‌ભૂત વ્યવહારનયનું D. સદ્‌ભૂત વ્યવહારનયનું

૮૬. જેમાં તદનુરૂપ ગુણોની અપેક્ષા નથી હોતી, એ કયો નિક્ષેપ કહેવાય ?

A. દ્રવ્ય નિક્ષેપ B. સ્થાપના નિક્ષેપ C. ભાવ નિક્ષેપ D. નામ નિક્ષેપ

૮૭. સમ્યક્દૃષ્ટિ જીવમાં, સિદ્ધત્વ પર્યાયનો આરોપ કરવો, એ કયા પ્રકારનો નિક્ષેપ છે ?

A. નામ નિક્ષેપ B. સ્થાપના નિક્ષેપ C. દ્રવ્ય નિક્ષેપ D. ભાવ નિક્ષેપ

૮૮. ''બાળક વર્ધમાનની ચેષ્ટાઓને જોઇને કહેવું કે આ તીર્થંકર મહાવીર છે.'' એવી બુદ્ધિ રાખવી-સમજવું-કયા નિક્ષેપનો પ્રકાર છે ?

A. દ્રવ્ય નિક્ષેપ B. સ્થાપના નિક્ષેપ C. ભાવ નિક્ષેપ D. ઉપરોક્ત બધા જ

૮૯. સમયસાર ગ્રંથને હાથમાં લઈ કહેવું કે ''આ કુંદકુંદાચાર્ય છે,'' આ કયો નિક્ષેપ છે ?

A. નામ નિક્ષેપ B. સ્થાપના નિક્ષેપ C. દ્રવ્ય નિક્ષેપ D. ભાવ નિક્ષેપ

૯૦. ભારતનાં માનચિત્રને દર્શાવી, આ ભારત છે એ પ્રમાણેની બુદ્ધિ કરવી-સમજવું, એ કયા પ્રકારનો નિક્ષેપ છે ?

A. તદાકાર સ્થાપના નિક્ષેપ B. અતદાકાર સ્થાપના નિક્ષેપ

C. નામ નિક્ષેપ D. દ્રવ્ય નિક્ષેપ

૯૧. બાહ્યઅભ્યંતર નિર્ગ્રંથ મુનિને જોઈને, આ મુનિ છે આ પ્રમાણેનું નિક્ષેપણ કરવું એ કયો નિક્ષેપ છે. ?

A. નામ નિક્ષેપ B. ભાવનિક્ષેપ C. દ્રવ્ય નિક્ષેપ D. સ્થાપના નિક્ષેપ

૯૨. કોઈપણ જીવને જોઈને, ''આ સિદ્ધ ભગવાન છે'' આ પ્રમાણેનું આરોપણ કરવું, કયો નિક્ષેપ છે ?

A. નામ નિક્ષેપ B. સ્થાપના નિક્ષેપ

C. દ્રવ્ય નિક્ષેપ D. ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

૯૩. 'ક્રોધાદિ કષાયભાવ, જીવરૂપ છે.' આ કથન કયા નયનું છે ?

A. વ્યવહારનયનું B. શુદ્ધ નિશ્ચયનયનું

C. અશુદ્ધ નિશ્ચયનયનું D. ઉપરોક્તમાંથી કોઈપણ નહીં

૯૪. શબ્દની મુખ્યતાથી, અર્થગ્રહણ કરનારા નયને શું કહે છે ?

A. ઋજુસૂત્રનય B. શબ્દનય C. એવંભૂતનય D. સમભિરૂઢનય

૯૫. 'ગૌ' શબ્દના ગાય, પૃથ્વી, પ્રકાશ આદિ અનેક અર્થો હોવા છતાં પણ ગૌ શબ્દનો અર્થ ગાય જ ગ્રહણ કરવો કયાં નય પ્રમાણે યોગ્ય છે ?

A. સમભિરૂઢ નયથી B. ઋજુસૂત્રનયથી

C. એવંભૂતનયથી D. શબ્દનયથી

૯૬. વિદેહક્ષેત્રમાં વિહરમાન શ્રી સિમંધર સ્વામીમાં અરિહંતપણાનું આરોપણ કરવું, કયાં નિક્ષેપનો પ્રકાર છે ?

A. નામ નિક્ષેપ B. સ્થાપના નિક્ષેપ C. દ્રવ્ય નિક્ષેપ D. ભાવ નિક્ષેપ

૯૭. માતા-પિતાને પોતાના જન્મદાતા કહેવાં, એ કયા નયનું કથન છે ?

A. ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય B. અનુપચરિતઅસદ્‌ભૂત વ્યવહારનય

C. ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય D. અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય

૯૮. ક્ષયોપશમ જ્ઞાનને આત્માનો સ્વભાવ કહેવો, કયા નયનું કથન છે ?

A. અશુદ્ધ નિશ્ચયનયનું B. ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનું

C. અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનું D. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું

૯૯. અશુદ્ધ સંસારી અવસ્થામાં પણ, શક્તિરૂપ પરમાર્થ સ્વભાવને વિષય કરવાવાળો નય કયો છે ?

A. સદ્‌ભૂત વ્યવહારનય B. પર્યાયાર્થિકનય

C. શુદ્ધ નિશ્ચયનય D. અશુદ્ધ નિશ્ચયનય

૧૦૦. ''શુદ્ધ આત્માનુભૂતિનાં સમયમાં'' નીચે જણાવેલામાંથી કયું સાધન રહે છે ?

A. નય B. પ્રમાણ C. નિક્ષેપ D. ઉપરોક્તમાંથી કોઈપણ નહી

**- શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**